An International Multidisciplinary Journal
अनन्यशास्त्रम्
(A Unique Treatise of Knowledge)
ISSN:3049-3927 (Online)
Volume: 01 | Issue: 02 | August: 2025
Research Article

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
Peer-Reviewed | Refereed | Open Access Journal
DOI: https://doi.org/10.64328/aimjv01i02036

# અનિલ વ્યાસની વાર્તાઓમાં માતા પિતા અને સંતાનોના સંબંધોનું નિરૂપણ

મહાવીર ગોવિંદભાઈ રબારી*

**સારાંશ**

ગુજરાતી ટૂંકી વાર્તાઓ શરૂઆતથી આજ સુધી વિવિધ માનવ સંબંધોનું નિરૂપણ થતું રહ્યું છે. "અનિલ વ્યાસે" તેમના ત્રણ વાર્તા સંગ્રહમાં વિવિધ પાત્રો દ્વારા આ માનવ સંબંધોને રજૂ કર્યા છે. તેમણે માતા-પિતા અને બાળકો વચ્ચેના સંબંધને ઉજાગર કરતી વાર્તાઓ આપી છે. બે પેઢીઓ વચ્ચેનો સંઘર્ષ, દંપતીના છૂટાછેડાને કારણે બાળકોની થતી દયનીય સ્થિતિ, સમાજમાં બનતી ઘટનાઓ વાર્તાઓના વિષય બનીને આવે છે.

**ચાવીરૂપ શબ્દો:** માતા, પિતા, સંબંધ, માનસિક સંઘર્ષ, જનરેશન ગેપ

ગુજરાતી સાહિત્યના દરેક સ્વરૂપમાં સમયે- સમયે અલગ અલગ સ્થિતિ, પરિસ્થિતિનું આલેખન વિવિધ વિષયો થકી થતું રહ્યું છે. એમ ટૂંકીવાર્તામાં પણ ગાંધીયુગથી લઈ આજ સુધી અનેક પડાવો પાર કરી આજે ઊભી છે. ટૂંકીવાર્તાની શરૂઆતથી જ તેમાં માનવસંબંધોનું આલેખન થતું આવ્યું છે. માનવસંબંધોના વિવિધ પાસાઓને વિવિધ વિષય બનાવીને પાત્રો રૂપે વાર્તાકારોએ સંબંધોની એક મોટી પરંપરા આપણી સમક્ષ મૂકી આપી છે. અનિલ વ્યાસ પણ આ રીતે સંબંધોને વિવિધ વિષયો, પાત્રો, પરિવેશ દ્વારા રજૂ કરનારા સર્જક છે. અનિલ વ્યાસ અનુઆધુનિકયુગના મહત્ત્વનાં વાર્તાકાર છે. તેમણે 'સવ્ય- અપસવ્ય', અમારું માણસ', અને 'તારે શ્રુતિને મળવું છે?' નામે ત્રણ વાર્તાસંગ્રહો આપ્યા છે. તેમાં તેમણે પ્રણયને કેન્દ્ર સ્થાને રાખી, તેના વિભિન્ન સ્વરૂપોને રજૂ કરતી, સરકારી કાર્યાલયોની દુનિયામાં લઈ જતી, દાંપત્ય જીવનના પ્રશ્નો, સ્ત્રીઓના પ્રશ્નો, માતા-પિતા અને બાળકોના પ્રશ્નોને રજૂ કરતી વાર્તાઓ આપી છે.

'આકાશ તરફ આંગળી' વાર્તામાં સર્જકે લગ્ન બાદ સંતાન થયા પછી પતિ-પત્ની છૂટા પડી જાય છે ત્યારે સંતાન કેવી સ્થિતિમાં મૂકાય છે. તે 'મનન'ના વિચારો થકી રજૂ કર્યું છે. શૈલ અને જયદેવ બંને પતિ-પત્ની હોય છે. તેમને સ્વાતિ અને મનન એમ બે સંતાન છે. અતિશય ઝઘડાઓ, મારઝૂડ, પત્નીનું કોઈ સ્વમાન નહીં બસ કામ જ આ બાબતોથી બંને વચ્ચેનાં સંબંધો બગડે છે. તેથી બંને છૂટા પડી જાય છે. મનન તેના પિતા જયદેવ સાથે રહે છે. પણ મનન સતત તેના પિતાને કહ્યા કરે છે કે તમે મમ્મીને પાછા લઈ આવો. જયદેવ ટ્રેનમાં બેસી જાય છે શૈલનાં ઘરે. ત્યાં જઈ તે તેને સમજાવા લાગે છે ત્યારે શૈલ તેને જૂની ભૂલો ગણાવે છે. જયદેવ સતત એવા જ પ્રયત્નો કરે છે કે શૈલ માની જાય. કેમકે મનન તેના પિતાને માતા શૈલ માટે રોજ કહ્યા કરતો. બંને જમવા બેસે છે ત્યારે પણ એ બંને વચ્ચે આ જ વાતો ચાલ્યા કરે છે. બંને બહાર ફરવા જાય છે ત્યાં પણ જયદેવ ગમે તે રીતે શૈલ માની જાય અને તેની સાથે ઘરે આવી જાય તે જ કહ્યા કરે છે. પણ શૈલ એ માનવા તૈયાર જ નથી. આમ, અહીં લગ્નનાં તૂટવાથી જે સંતાન હોય તે કેટલી બધી વેદનાઓમાં જીવે છે તે રજૂ થયું છે.

*લેખક સંપર્ક: મહાવીર ગોવિંદભાઈ રબારી, પીએચ.ડી. શોધાર્થી, ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ગુજરાત, ભારત.,
Email: mahavirrabari7600@gmail.com, ORCID: https://orcid.org/0009-0006-7517-2941

© 2025 Author(s). Published by Young India Publication, Gandhinagar, Gujarat, India

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

પતિ કે પત્ની બંનેમાંથી ભૂલ ગમે તેની હોય પણ તેના પરિણામ નિમિત્તે સૌથી વધુ ભોગવવાનું, વેઠવાનું સંતાનને જ આવે છે. તે સંતાનને મમ્મી-પપ્પા બંનેમાંથી કોઈ એકની જ લાગણી, પ્રેમ, હુંફ મળે છે. બંનેની મળતી નથી. ત્યારે તે બાળક હિજરાય છે. આ જ સંગ્રહની 'ડુગડુગી' વાર્તામાં આજના સમયમાં મારુ બાળક બીજા બધા કરતાં 'પરફેક્ટ' જ હોય તેવી માનસિકતા ધરાવતા વાલીઓની સ્થિતિ રજૂ થઈ છે. બાળક જાણે કે માર્કસનું મશીન હોય તેવું માનતા અને તેમાં રાચતા વાલીઓની કથા અહીં અખિલ, કિરીટ અને અર્ચનાનાં પાત્રો દ્વારા મૂકી આપી છે. અખિલનું રિઝલ્ટ આવ્યું તેનો ફર્સ્ટ ક્લાસ આવ્યો પણ તે ફર્સ્ટ નથી આવ્યો. આ બાબત કિરીટને ગમતી નથી. તે તેને બહાર રમવા જવા પર પણ પ્રતિબંધ મૂકી દે છે અને જાય તો તેને માર મારે છે. ત્યારબાદ વાર્તામાં એક મદારી અખિલનાં ઘરની બહાર આવે છે તે તેનાં માંકડાને બધા દાવ બતાવવા કહે છે. એ જ સમયે અખિલના ઘરે પણ મહેમાન આવે છે ત્યારે કિરીટ તેનો દીકરો અખિલ વિવિધ વિષયોમાં કેટલો બધો પાવરધો છે તેમાં લાગી જાય છે. તે કેટલો બધો હોંશિયાર છે તે બતાવવા કહે છે. – 'અખિલ બેટા, હાર્મોનિયમ લાવ તો, અંકલને પેલી તરજ સંભળાવ' (સવ્ય-અપસવ્ય. પૃ. ૯૫) આમ, અહીં અખિલને તેની જુદી-જુદી સ્કિલ પેલા અંકલ સમક્ષ રજૂ કરવી પડે છે. અખિલ ચાવી ભરેલા રમકડાંની જેમ કિરીટનાં આદેશો અનુસાર કરતો જાય છે. બાળકને તેની ઉંમર મુજબ ગમતું કરવું, રમવા જવું આ બધુ નહીં પણ પિતાની ઇચ્છા મુજબ જ વર્તવું તેવો હઠાગ્રહ બાળક માટે કેવો મનોસંઘર્ષ ઉત્પન્ન કરે છે. તે વાત અખિલની વેદના, તેના મનોસંઘર્ષ દ્વારા રજૂ કરી બતાવી છે. તો 'તરાપો' વાર્તામાં સર્જકે દીકરાને પિતા સાથે ફાવતું નથી. તે નાયક વિનાયકના વર્તન થકી રજૂ કરી બતાવ્યુ છે. વિનાયકનાં પિતા જદુરાયની તબિયત સારી નથી. વિનાયક ગામડે આવેલો છે. ધોધમાર વરસાદ વરસી રહ્યો છે ચોતરફ પાણી જ પાણી જેવુ વાતાવરણ છે. તેથી રસ્તા બંધ થઈ ગયા છે. માતા સાથે વાતચીત કરતો દીકરો પિતા સાથે બોલતો પણ નથી. આવી સ્થિતિમાં જ જદુરાયનું મૃત્યુ થાય છે. ગામના સૌ લોકો તેમનો અંતિમ વિધિ કરવા ભેગા થાય છે પણ ત્યાં જ અચાનક નદીનો ડેમ તૂટે છે. પાણી ગામમાં આવી જાય છે. સૌ પોતાનો જીવ લઈ નાસે છે. વિનાયક માતાને બીજે માળ મોકલી પોતે પિતાની લાશને ઉઠાવી બીજે માળે ચઢાવવા માટે ઉપાડવા લાગે છે. આમ, અહીં પિતા અને પુત્રનાં સંબંધમાં ચાલતો ખટરાગ તેમાં સ્પષ્ટ થાય છે. તો 'અવિચ્છિન્ન' વાર્તામાં બાળનાયક વિશાલની તેની માતા માટેની ઝંખના રજૂ થઈ છે. વિશાળ આશ્રમમાં રહે છે ત્યારે તે દરેક સમયે માતાને જોવાની, તેની સાથે રહેવાની ઇચ્છા વ્યક્ત કરે છે. ત્યાં બધા બાળકોની સંભાળ રાખતા ઉષાબહેન તેમણે આવા પ્રશ્નો કરે ત્યારે દરેક વખતે સમજાવે છે. પણ તે માણતો જ નથી. તે કહ્યા કરે છે – 'અહીં કોઈ નથી. મારે મમ્મી જોઈએ, મારી મા, મારું ઘર... અહીં નથી રહેવું મારે...' (સવ્ય-અપસવ્ય પૃ.૪૫) આમ, વિશાલ સતત તેની મમ્મીને જોવાની તેની સરે રહેવાની ઇચ્છા ધરાવે છે પણ તે શક્ય બનતું નથી. આ વેદના એ વિશાલ એકલાની નથી પણ જે બાળકો આશ્રમમાં આ રીતે એકલા રહે છે. તે સૌની વેદના સર્જકે અહીં વિશાલના પાત્ર રૂપી મૂકી આપી છે. સર્જકે તેમના પ્રથમ વાર્તાસંગ્રહનું નામ જે વાર્તા પરથી આપ્યું છે તેવી 'સવ્ય-અપસવ્ય' વાર્તામાં પણ પિતા અને પુત્રના સંબંધની વાત આલેખાઈ છે. કેવલને જ્યારે તેના પિતાના મૃત્યુ બાદ પિંડનો વિધિ કરવાનો હોય છે ત્યારે તે ત્યાં બેસે છે ત્યારે તેને તેના પિતા સાથેના વ્યવહારો, વર્તન બધુ યાદ આવે છે. તેને તેના પિતા સાથે ક્યારેય બનતું નહીં. દરેક વાતે તેને ઊંધું જ પડતું. જમવાની બાબતમાં, ન્હાવાની બાબતમાં તેના પિતા સાથે થયેલા સંઘર્ષો મનમાં ફર્યા કરે છે. પિતા સાથેના તેના સંબંધો તંગ હોવાથી આ વિધિ તો કરે છે પણ ગોર મહારાજ કહે તેમ કર્યે જાય છે. ગોર મહારાજ માદરપાટ આપી મોકલે ત્યારે તેને કચ્છનાં પ્રવાસેથી આવી લુંગી પહેરી હતી ત્યારે તેના જે ગુસ્સે થયા હતા તે યાદ આવી જાય છે. આમ, બંને વચ્ચે વિરોધ સતત રહેતો. પણ જ્યારે ગોર મહારાજ પિંડ વહેરવાના કહે છે ત્યારે તે પિંડ સામે જ તાકી રહે છે. ગોર મહારાજ કહે છે કે પિંડ વહેરાઈ જાય એટલે તમારો ને એમનો સંબંધ પૂરો. ત્યારે જ તેના સ્મરણમાં પિતા આવે છે. કેવલ દીકરા, કેવલ કહેતા, છાતી દબાવી રાડો પાડતા, ઓક્સિજનની નળી ખેંચી કાઢતા, ઝલાઈ ગયેલી જીભે ક...ક...ક... કરતાં પિતા તેની સ્મૃતિમાં આવી જાય છે. પિતાનું આવું સ્મરણ થતાં જ તે પિંડ વહેરવાની ના પાડી દે છે. આમ, આ વાર્તામાં સર્જકે સવ્ય-અપસવ્ય દ્વારા જનોઈ ડાબે- જમણે કરવી તે અને તર્પણવિધિ દરમિયાન પુત્રનું પિતા તરફનું વલણ બદલાતું બતાવ્યુ છે. જીવતા જેની સાથે

**ANANYAŚĀSTRAM:**
*An International Multidisciplinary Journal*
*(A Unique Treatise of Knowledge)*
**ISSN : 3049-3927(Online)**

ક્યારેય લાગણીથી, પ્રેમથી બેસીને વાતો પણ કરી નથી. જેની સાથે સતત સંઘર્ષ અને વિરોધ જ થતો રહ્યો તેવા પિતા તરફ તેમના મૃત્યુ બાદ સંતાનનું વર્તન બદલાય છે. તે અહીં કેવલનાં પાત્ર દ્વારા સર્જકે સિદ્ધ કરી બતાવ્યુ છે. પિતા અને પુત્ર વચ્ચે ઓછો વ્યવહાર, ઓછું બનવું એ ઘટના જાણે આમ સમાજે સ્વીકારી લીધી હોય એવું લાગે. આવું થાય ત્યારે કોઈ ધ્યાન આપી ને તેને સુધારતું જ નથી. જેથી એ સ્થિતિ વધુ વણસતી જાય છે. અને એનું ગંભીર પરિણામ એ આવે છે કે પિતા અને પુત્ર એક ઘરમાં રહેતા હોવા છતાંય કેટલાય દિવસો સુધી વાત જ નથી કરતાં. બંને વચ્ચે રહેલો જે સ્નેહનો તાંતણો છે એ તૂટી જાય છે. તો કેટલીક વાર પિતાનાં કાર્યો, સમાજની માનસિકતા અને પુત્રનું વર્તન આ બધુ બંધ ના બેસે ત્યારે જે ઘટના સર્જાય તે 'પાણીનું પોત' વાર્તામાં રજૂ થઈ છે. એક પિતા તરફથી સંતાનને થતી હેરાનગતિ અહીં રજૂ થઈ છે. શશિકાન્ત તેના પિતાને રાખવા સક્ષમ છે પણ તેના પિતાનું વર્તન તેમનો અન્ય લોકો સાથેનો વ્યવહાર સમાજનાં માન્ય ગણાતા નિયમોમાં બંધ બેસે તેમ નથી. તેથી તે તેનું પોતાનું અલગ જીવન જીવવા માંગે છે પણ તેના પિતા તેની નોકરીની જગ્યાએ જઈ તેની ફરિયાદો કરે છે. તેની પત્ની વિરુદ્ધ પણ મન ફાવે તેમ બોલે છે. આમ, અહીં એક પિતાનું વર્તન સંતાન માટે કેટલું યાતનામય બની શકે તે સ્થિતિ અહીં શશિકાન્ત દ્વારા રજૂ થઈ છે. પિતા અને પત્ની બંને વચ્ચે શશિકાન્ત પિસાતો રહે છે. તો સંતાન જ્યારે મોટા થઈ જાય ત્યારે તે તેની મમ્મીને કશું આવડતું જ નથી, કઈ સમજાતું નથી તેમ માની લે તેની વાત 'ખૂણો' વાર્તામાં રજૂ થઈ છે. આ વાર્તામાં સર્જકે કલાબહેનનાં પાત્ર થકી નારીની સ્થિતિ પત્ની તરીકે અને માતા તરીકે કેવી હોય છે તેનો ચિતાર રજૂ કર્યો છે. પતિના મૃત્યુ બાદ પતિનું સ્મરણ થતા તેમના દ્વારા થયેલી ઉપેક્ષા, હડધૂત કરી નાખવાની ટેવ બધું યાદ આવે છે. તો આ તરફ તે તેના પુત્ર પ્રદીપ સાથે રહે છે ખરા પણ તેનું વર્તન પણ તેમને યોગ્ય લાગતું જ નથી. કલાબહેનની મદદની ભાવના, બોલવાની વધુ પડતી ટેવ આ બધું દીકરા પ્રદીપને ગમતું નથી. તેથી તે વારંવાર કલાબહેનને ટોક્યા કરે છે. આજુ-બાજુનાં લોકો એમનું કામ કલાબહેનને આપી જતા તે કામ તે હોંશે-હોંશે કરે છે પણ તેમનું આ વર્તન તેમના દીકરા પ્રદીપને સહેજ પણ ગમતું નથી. તે આ બાબતથી ખૂબ જ ચિડાઈ જાય છે. તેથી તે કહે છે. – 'શું કીધું બા આ છેલ્લી ચેતવણી. રહેવું હોય તો રહો ને ના રહેવું હોય તો... મારા ઘરમાં આ કશું ચાલશે નહિ. હું કહું એમ...' (સવ્ય-અપસવ્ય પૃ.૧૪૦) આમ, કલાબહેનને સંતાનને યોગ્ય લાગે, તેને ગમે તેવો વ્યવહાર જ કરવો પડે તેવી સ્થિતિ નિર્માણ થાય છે. અહીં કલાબહેનનો સ્વભાવ, તેમની માનસિકતા, તેમના વિચારો પુત્ર સાથે બંધબેસતું નથી. તેમના પતિ આગળ કઈ પણ બોલેલી પત્ની તેના દીકરા સમક્ષ પણ પોતાને શું ગમે છે અને તેને શું કરવું છે. તે સ્પષ્ટ કહી શકતી નથી. કેમકે તે જેમાં માને છે તેમાં પુત્ર માનવા રાજી થાય એમ નથી. આમ, કલાબહેનને પોતાના અંગત સ્વભાવ સાથે પણ બાંધછોડ કરી, મન મારી રહેવું પડે છે. અહીં સંતાન અને માતા વચ્ચે આમ તો સંબંધો સારા દેખાય છે પણ તે સારા રાખવા પાછળ માતાની મન મારી રહેવાની ભાવના મુખ્ય ભાગ ભજવી જાય છે તે પણ નોંધવું જ રહ્યું.

આ સર્જકના બીજા વાર્તાસંગ્રહ 'અમારું માણસ'માં પણ માતા-પિતા અને સંતાનના સંબંધની 'છેડા-છુટ્ટા' નામે વાર્તા મળે છે. આ વાર્તામાં પતિ-પત્નીનાં સંબંધોમાં ખટરાગ ઊભો થવાથી સંતાન કેવી મનોવેદના- મનોસંઘર્ષ અનુભવે છે. તે નીરવનાં પાત્ર થકી રજૂ કરી બતાવ્યું છે. નીરવ સતત ત્રણ દિવસથી હોમવર્ક કરતો નથી, લઈ જતો નથી. તેથી સ્કૂલમાં તેને ક્લાસમાં ઊભો કરવામાં આવે છે ત્યાંથી વાર્તાની શરૂઆત થાય છે. તેના ટીચર હોમવર્ક કેમ નથી લાવ્યો તે માટે તેને સજા કરે છે અને ક્લાસની બહાર લોબીમાં ઊભો રાખી દે છે. પણ નીરવના ઘરમાં તેના માતા-પિતા સતત ઝઘડ્યા કરે છે. તેને કારણે તે હોમવર્ક પણ કરી શકતો નથી. નીરવ તેના ઘરમાં ચાલતા ઝઘડાઓમાં જ સતત ખોવાયેલો રહે છે. તેને તેના માતા-પિતાની જ ચિંતા થયા કરે છે. આ બધાથી વ્યથા અનુભવે છે, પણ કોઈને કહી શકતો નથી. તેના મિત્રો પણ તેની મજાક ઉડાવે છે ત્યારે તે કશું જ બોલી શકતો નથી. માત્ર ત્યાંથી જતો રહે છે. આ પલાયનવાદ એ તેની પીડાની નિશાની જ છે. જે ઉંમરમાં તેને માતા-પિતાનો ભરપુર પ્રેમ, હુંફ, લાગણી મળવી જોઈએ તેને સ્થાને એને મળે છે માત્ર ઘરમાં ચાલતા ઝઘડા, ડિવોર્સની વાતો, નંદીની અને તેના પિતાની વાતો આ બધું તે સાંભળી રહે છે અને તેના મનમાં ઘૂંટાતું જાય છે તેમ તેમ

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

વેદના વધતી જાય છે. સમય જતા પરિસ્થિતિ બદલાવાથી, પિતાના અન્ય સ્ત્રી સાથેના સંબંધથી ઘરમાં જ્યાં લાગણી અને પ્રેમ વહેતા હતા ત્યાં હવે નફરત અને ઝઘડા વહેવા લાગે છે. આમ, માતા-પિતાનાં સ્નેહ મેળવવાની ઉંમરમાં તે તેમની લાગણીથી સાવ વિલુપ્ત થઈ જીવે છે. એક બાળક પર તેના ઘરના લોકોની, તેના ઘરના વાતાવરણની, ઘરમાં ચાલતી ઘટનાઓની કેટલી પ્રબળ અસર થઈ શકે તે અહીં નીરવનાં પાત્ર રૂપી સમજાવ્યું છે. નીરવની વેદનાનો સૂર, તેનો મનોસંઘર્ષ તેનો એકલાનો નહિ પણ આવી સ્થિતિમાં જીવતા અનેક બાળકોનાં બની રહે છે. આજના આધુનિક ગણાતા સમાજમાં પોતાના ફાવે તેમ રહેવું, પોતાને ફાવે તેમ જીવવુંવાળા સિદ્ધાંતમાં માનનાર વાલીઓ માટે આ નીરવનું પાત્ર જે વેદના અનુભવે છે તેવી વેદના તેમનું બાળક તો નથી ભોગવી રહ્યું ને. તે સમક્ષ પણ આંગળી ચીંધી બતાવે છે. અનિલ વ્યાસનાં ત્રીજા વાર્તાસંગ્રહ 'તારે શ્રુતિને મળવું છે?'માં પણ 'ડૂમો' વાર્તા થકી સર્જકે આ સંબંધોની માયાજાળ ગુંથી છે. 'ડૂમો' વાર્તામાં સર્જકે માતા અને સંતાનનાં સંબંધની કથા નિરૂપી છે. નાયક સુલય તેની માતાના મૃત્યુ બાદ જે સ્થિતિમાં જીવે છે. માતા સાથે ગાળેલી ક્ષણો, તેની માતા સાથેના સ્મરણોમાં બધું યાદ કરે છે. તેની વાત સર્જકે આ વાર્તા થકી મૂકી આપી છે.

અનિલ વ્યાસે તેમની વાર્તાઓમાં માતા-પિતા અને સંતાનોના સંબંધના વિવિધ પાસાઓને રજૂ કરી બતાવ્યા છે. પરિસ્થિતિ, સ્થળ-સમય, માનસિકતા, વિચારભેદ, સ્વભાવભેદ આ બધી બાબતો સંબંધ માટે કેટલી મહત્ત્વની છે તે વિવિધ વાર્તાઓ થકી સ્પષ્ટ કરી બતાવ્યું છે. વાર્તાઓના પાત્રો દ્વારા સંબંધના અલગ-અલગ દ્દષ્ટિકોણને ખુલ્લો મૂકી તેમાં સાંપ્રત સમયમાં ચાલતા પ્રશ્નો નિરૂપી બતાવ્યા છે. આજના સમયમાં પતિ-પત્નીનાં સંબંધમાં છુટા પડવાનું વલણ ધીમે ધીમે વધી રહ્યું છે ત્યારે તેમના સંતાનોની શી દશા- અવદશા થતી હોય છે તે 'મનન' અને 'નીરવ' જેવા પાત્રો થકી બતાવી આપ્યું છે. સાંપ્રત સમયમાં મારું બાળક બધા કરતા વધારે હોંશિયાર જ હોય એવા વાલીઓની માનસિકતા પણ 'ડુગડુગી' વાર્તા થકી છતી કરી છે. તો બે પેઢી વચ્ચેના પ્રશ્નો, વાદ- વિવાદ કે ક્યાંક સંવાદનાં અભાવે ઉદ્ભવતા પ્રશ્નો તેમની વાર્તાના વિષય બની આવે છે. જે સમાજમાં ચાલતી- બનતી ઘટનાઓ જ છે તે વાર્તાના વિષય બની આવે છે. આમ, અનિલ વ્યાસે અહીં તેમની વાર્તાઓમાં સમાજની સાંપ્રત સ્થિતિને નિરૂપી બતાવી છે.

**સંદર્ભ ગ્રંથ:**

(૧) વ્યાસ અનિલ, 'સવ્ય-અપસવ્ય' પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષય, અમદાવા, પ્ર.આ. ૧૯૯૮

(૨) વ્યાસ અનિલ, 'અમારું માણસ' પ્રકા. ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ. પ્ર.આ. ૨૦૦૮

(૩) પરમાર મોહન (સં.), ૧૯૯૫ની શ્રેષ્ઠ વાર્તાઓ, આર.આર. શેઠની કંપની,અમદાવાદ, પ્ર.આ.માર્ચ ૧૯૯૬

(૪) ત્રિવેદી હર્ષદ(સં.), ૨૦૦૦ની શ્રેષ્ઠ વાર્તાઓ, આર.આર. શેઠની કંપની,અમદાવાદ, પ્ર.આ.૨૦૦૧

(૫) પરમાર મોહન (સં), અનુઆધુનિક વાર્તાસૃષ્ટિ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૫